GJBK160009272024

| | | |
|---|---|---|
| **આંક** | – | **૩૫** |
| **રજુ.તા.** | – | ૦૩–૦૬–૨૦૨૪ |
| **દાખલ તા.** | – | ૦૩–૦૬–૨૦૨૪ |
| **ફેસલ તા.** | – | ૧૭–૦૭–૨૦૨૬ |
| **અવધી** | – | **૦૨** વર્ષ, **૦૧** માસ, **૧૪** દિવસ |

# *શિહોરીના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં, મુ.શિહોરી*

**ફોજદારી કેસ નં.૭૦૧/૨૦૨૪**

| | |
|---|---|
| શ્રી સરકાર | .....ફરીયાદી. |
| *વિરૂધ્ધ* | |
| પેથાભાઈ કરશનભાઈ રબારી,<br>ઉ.વ.આ.૭૨, ધંધો–નોકરી,<br>રહે.વાલપુર, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા | .....આરોપીઓ. |

| | |
|---|---|
| **ગુનોઃ–** | ***ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ*** |

| | | |
|---|---|---|
| શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી | – | આર.કે.માજીરાણા |
| આરોપી તરફે વિ.વશ્રી | – | એ.વી.શાહ/બી.વી.દેસાઈ |

## *:: ઠ રા વ ::*

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૮–૦૧–૨૦૧૮ના કલાક ૯–૩૦ વાગ્યાના સુમારે મોજે વાલપુરા, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા ગામે આ કામના ફરીયાદી તથા સાહેદ રાભાભાઈ વિરચંદભાઈ રાવળ બન્ને જણા ગામમાં બેસણામાંથી પરત આવતા હતા તે વખતે સાહેદ દેવાભાઈ જેવતભાઈની ઘંટી પાસે આવતા તે વખતે સામેથી તહોમતદાર પેથાભાઈ કરશનભાઈ રબારી જોધાભાઈ કરશનભાઈ રબારી તથા ઈશ્વરભાઈ કરશનભાઈ રબારી ત્રણેય જણા દોડતા આવી પેથાભાઈ ફરીયાદીને ગાળો બોલીને કહેલ કે, જંગલ ખાતાની નર્સરી તારા બાપની છે તેમ કહી આરોપી પેથાભાઈએ તેના હાથમાંની લાકડી ડાબા પગ ઉપર ઘુંટીના ઉપરના ભાગે મારેલી અને જોધાભાઈ કરશનભાઈએ પણ ફરીયાદીને ડાબા પગ ઉપર લાકડી મારેલી અને તે વખતે ઈશ્વરભાઈ કરશનભાઈ પણ જેમ તેમ ગાળો બોલી તેના હાથમાની લાકડી ફરીયાદીના ડાબા ખભા ઉપર તેમજ ડાબા બાવડા ઉપર બે લાકડી મારેલી અને બુમાબુમ કરતા સાહેદ રામાભાઈ વચ્ચે છોડાવવા પડેલા અને તેમને પણ લાકડી મારી ગુનો

કરવામાં એકબીજાની મદદગારી કર્યા અંગેની ફરીયાદ શિહોરી પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧/૨૦૧૮ થી ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ નોંધાયેલ. જે બાદ તપાસ કરનાર અધિકારીએ તપાસ પુર્ણ કરી સદર ગુનાનુ આરોપી ઈશ્વરભાઈ કરશનભાઈ રબારી તથા આરોપી જોધાભાઈ કરશનભાઈએ રબારીનાઓ વિરૂદ્ધનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં રજુ કરેલ. જ્યારે હાલના આરોપી સામે ચાર્જશીટ નહી કરી બી.એફ. સમરી રજુ કરેલ જે અત્રેની અદાલતે નામંજુર કરતા અત્રેની અદાલતમાં ફોજદારી કેસ રજીસ્ટરે કેસ નં.૭૦૧/૨૦૨૪થી નોંધી આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો હુકમ ફરમાવેલ.

**(૨)** આ કામે આરોપીનાઓને સમંસ કરતા તેઓ હાજર થયેલા અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક-૦૪ થી તહોમતનામુ ફરમાવી, આંક-૦૫ હેઠળ પ્લી વાંચી સંભળાવી, સમજાવી નોંધતા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા સદર કેસની પણ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**(૩)** અત્રે એ નોંધવું જરૂરી છે કે આ કામમાં ફરિયાદ પક્ષનો પુરાવો રેકર્ડ થયા બાદ આ કામેના પક્ષકારો વચ્ચે ઘરમેળે અંદરોઅંદર અદાલત બહાર સમાધાન થઈ જતાં, તેઓએ મુખ્ય ચાર્જશીટના ૩૮૭/૨૦૧૮ના કામે આંક-૫૦ થી પક્ષકારોએ સંયુક્ત પણે સમાધાન પુરસીસ રજુ કરેલ. જે વંચાણે લઈ પક્ષકારો વચ્ચેનું આ સમાધાન સ્વીકારી, આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૩૨૦(૧)(૮) અન્વયે ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૫, ૩૨૩ અન્વયેના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે જયારે ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબના કામે સદર કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪)** સદર કામે આરોપીપક્ષે આંક-૦૬ થી ફોજદારી કેસ નં.૩૮૭/૨૦૧૮ના કામે રજુ થયેલ પુરાવાઓની ખરી નકલ રજુ કરી સદર પુરાવાઓ કબુલ મંજુર રાખેલ છે જે અંગેની પુરસીસ જાહેર કરેલ છે. જે બાદ સદર કામે આંક-૦૭ થી દસ્તાવેજી લીસ્ટ સાથે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| **અનું.નં.** | **આંક** | **પુરાવાની વિગત** |
|---|---|---|
| (૧) | ૦૯ | ફોજદારી કેસ નં.૩૮૭/૨૦૧૮ની ચાર્જશીટની પ્રમાણીત નકલ |
| (૨) | ૧૦ | ફરીયાદી- ચેહરાભાઈ રાજાભાઈ રબારીની જુબાનીની પ્રમાણીત નકલ |
| (૩) | ૧૧ | ફરીયાદપની પ્રમાણીત નકલ |
| (૪) | ૧૨ | સાહેદ- રાભાભાઈ વિરચંદભાઈ રાવળનાઓની જુબાનીની પ્રમાણીત નકલ |

| | | |
|---|---|---|
| (૫) | ૧૩ | સાહેદ– ગીતાબેન જામાભાઈ રબારીની જુબાનીની પ્રમાણીત નકલ |
| (૬) | ૧૪ | સાહેદ– જામાભાઈ રાજાભાઈ રબારીની જુબાનીની પ્રમાણીત નકલ |
| (૭) | ૧૫ | સાહેદ– ચતુરભાઈ અમરાભાઈ પ્રજાપતિની જુબાનીની પ્રમાણીત નકલ |
| (૮) | ૧૬ | સાહેદ– દશરથપુરી સરદારપુરી ગૌસ્વામીની જુબાનીની પ્રમાણીત નકલ |
| (૯) | ૧૭ | સાહેદ– મફાભાઈ ચેહરાભાઈ રબારીની જુબાનીની પ્રમાણીત નકલ |
| (૧૦) | ૧૮ | સાહેદ– ડો.અશોકભારથી શંભુભારથી ગૌસ્વામીની જુબાનીની પ્રમાણીત નકલ |
| (૧૧) | ૧૯ | સાહેદ રાંભાભાઈની ઈજાના સર્ટીફીકેટની ખરી નકલ |
| (૧૨) | ૨૦ | સાહેદ ચેહરાભાઈ રાજાભાઈ રબારીની ઈજાના સર્ટીફીકેટની ખરી નકલ |
| (૧૩) | ૩૯ | સાહેદ– ડો.હીતેન્દ્ર રતનસીંહભાઈ પટેલની જુબાનીની નકલ |
| (૧૪) | ૨૨ | સાહેદ ચેહરાભાઈ રાજાભાઈ રબારીની ઈજાના સર્ટીફીકેટની ખરી નકલ |
| (૧૫) | ૨૩ | ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ બળવંતભાઈ ભગાભાઈ ચૌધરીની જુબાનીની નકલ |
| (૧૬) | ૨૪ | ગુનાવાળી જગ્યાના પંચનામાની પ્રમાણીત નકલ |
| (૧૭) | ૨૫ | ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ અમરતભાઈ નાથુભાઈ ચૌધરીની જુબાનીની નકલ |
| (૧૮) | ૨૬ | હથીયાર રીકવરી પંચ સાહેદ– તખાજી જેઠાજી ઠાકોરની જુબાનીની પ્રમાણીત નકલ |
| (૧૯) | ૨૭ | હથીયાર રીકવરી પંચનામાની પ્રમાણીત નકલ |
| (૨૦) | ૪૬ | સાહેદ– ત.ક.અધિકારી અમીતભાઈ કાન્તીભાઈ ભરવાડની જુબાનીની પ્રમાણીત નકલ |
| (૨૧) | ૨૯ | જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયારબંધીના જાહેરનામાની પ્રમાણીત નકલ |
| (૨૨) | ૩૦ | સમાધાન કરવા પરવાનગી અરજી તથા તે લગત થયેલ હુકમની પ્રમાણીત નકલ |
| (૨૩) | ૩૧ | સમાધાન પુરસીસની પ્રમાણીત નકલ |

(૪) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાની વિ.એ.પી.પી.શ્રીની મૌખીક રજુઆત બાદ, ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો જોતા ક્રિ.પો.કોડની કલમ ૩૧૩ મુજબનું આરોપીનું એફ.એસ. નોંધવામાં આવેલ જેમાં આરોપીએ આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરેલ છે તેમજ

બચાવના સાહેદ તપાસવા નથી તેવુ જણાવેલ અને સોગંદ પર જુબાની આપવી નથી તેવુ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, “અમારી સામે ખોટો કેસ કરેલ છે. અમો નિર્દોષ છીએ." આમ, આરોપીઓનું વિશેષ નિવેદન નોંધ્યા બાદ કેસ પક્ષકારોની દલીલોના સ્ટેજ પર લેવામાં આવેલ.

(૫) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની તેમજ બચાવપક્ષે મૌખીક દલીલો સાંભળી, તેમજ ઉપર જણાવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાના પરિપ્રેક્ષ્યમાં સદર કામે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## –::મુદ્દાઓ::–

મુદ્દા નં.૧ શુ ફરીયાદપક્ષ નિશંક પણે સાબીત કરે છે કે, આ કામના આરોપીએ બનાવ સમયે અને સ્થળે ફરીયાદીને તેમજ સાહેદને ખરાબ ગાળો બોલી, બનાવ સમયે હથીયાર ધારણ કરી, ગુનો કરવામં એકબીજાની મદદગારી કરી, ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં આચરેલ છે?

મુદ્દા નં.૨ શુ હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણય અને કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં?

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ...

## –::કારણો::–

(૭) નિર્ણય માટેના કારણો અને પુરાવાનું મુલ્યાંકન

**મુદ્દા નં.૧ અને ૨ સંયુક્ત**

(૮) હાથ પરના કેસમાં આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબના આક્ષેપ કરેલા જે બાદ આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થયેલ હોવાનું આંક–૩૧ થી સમાધાન પુરસીસની ખરી નકલ રજુ કરી જાહેર કરેલ છે. તે સબબ અત્રેની અદાલતે આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૩૨૦(૧)(૮)ને લક્ષમાં રાખી ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૫, ૩૨૩ના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આંક–૦૧ લગત હુકમ ફરમાવેલ છે. તે સંજોગોમાં ફરીયાદપક્ષે આરોપી સામે જે કલમો સબબ આક્ષેપ કરેલ છે તે પૈકી અત્રે ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબના આક્ષેપો પુરવાર કરવાના રહે છે.

(૯) ઉપરોક્ત કરેલ ચર્ચા અન્વયે હાથ પરના કેસમાં ફરીયાદપક્ષે પડેલ પુરાવાઓ લક્ષમાં લેવામાં આવે તો, આ કામે આરોપીપક્ષે મુખ્ય ફોજદારી કેસ નં.૩૮૭/૨૦૧૮ના કામે રજુ થયેલ પુરાવાઓને એડોપ્ટ કરેલા છે અને તે પુરાવાઓને હાલના કેસમાં વંચાણે લેવા અરજ ગુજારેલ છે જે પુરાવાઓની ખરી નકલ આ કામે ઉપરોક્ત જણાવેલ આંક-૦૭ના દસ્તાવેજી લીસ્ટ સાથે રજુ કરેલા છે જે આ કામે આંક-૦૯ થી ૩૧ સુધીના રજુ રાખેલ છે. સદર કેસનો મુખ્ય કેસ નં.૩૮૭/૨૦૧૮ના કામે પડેલ પુરાવાઓનું મુલ્યાંકન કરેલ જેમાં ફરીયાદપક્ષ દ્વારા નિશંક પણે એ હકીકત સાબીત કરવામાં આવેલ નથી કે, આ કામના આરોપીઓએ બનાવ સમયે અને સ્થળે ફરીયાદી તથા સાહેદને ગાળો બોલી, બનાવ સમયે હથીયાર ધારણ કરી ગુનો કરવામં એકબીજાની મદદગારી કરેલ હોય જેથી મુખ્ય ફોજદારી કેસમાં આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.

(૧૦) આમ, હાલનો કેસ મુળ ગુના અંગે દાખલ થયેલ પુરવણી ચાર્જશીટના આધારે અદાલત સમક્ષ રજુ થયેલ છે. કેસના સમગ્ર રેકોર્ડનું અવલોકન કરતાં જણાઈ આવે છે કે, મુખ્ય કેસમાં આ જ ગુના સંદર્ભે ફરિયાદી પક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. તે તમામ પુરાવાનું વિગતવાર મૂલ્યાંકન કરીને, દરેક સાક્ષીની જુબાની, દસ્તાવેજો તથા સંજોગોનો સમગ્ર રીતે અવલોકન કર્યા બાદ અત્રેની અદાલતે મુખ્ય કેસમાં આરોપીઓને શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. હાલની પુરવણી ચાર્જશીટનું અવલોકન કરતાં જણાય છે કે તેમાં મુખ્ય કેસથી ભિન્ન એવી કોઈ નવી હકીકત, નવો સાક્ષી, નવો દસ્તાવેજી પુરાવો અથવા એવો કોઈ વધારાનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી, જેના આધારે મુખ્ય કેસમાં કરવામાં આવેલ મૂલ્યાંકનથી અલગ નિષ્કર્ષ પર પહોંચી શકાય. આરોપીપક્ષે મુખ્ય કેસમાં રજૂ થયેલ પુરાવાની પ્રમાણિત નકલો પણ રેકોર્ડ પર રજૂ કરી છે. તે નકલો તથા હાલના કેસનો સમગ્ર રેકોર્ડ ધ્યાનપૂર્વક તપાસતાં સ્પષ્ટ થાય છે કે પુરવણી ચાર્જશીટનો આધાર પણ મુખ્ય કેસમાં રજૂ થયેલ તે જ હકીકતો અને પુરાવા છે. માત્ર પુરવણી ચાર્જશીટ દાખલ થવાથી મુખ્ય કેસમાં કરવામાં આવેલ પુરાવાના મૂલ્યાંકનને બાજુ પર મૂકી ફરીથી તે જ પુરાવાનું શબ્દશઃ અથવા વિસ્તૃત પુનર્મૂલ્યાંકન કરવાની આવશ્યકતા ઊભી થતી નથી, ખાસ કરીને જ્યારે રેકોર્ડ પર કોઈ નવી સામગ્રી ઉપલબ્ધ ન હોય. તેમ છતાં, આ અદાલતે હાલના કેસના સમગ્ર રેકોર્ડનું સ્વતંત્ર રીતે અવલોકન કરેલ અને તેમાંથી મુખ્ય કેસમાં નોંધાયેલા કારણોથી અલગ એવો કોઈ કારણો પ્રાપ્ત થતા નથી. મુખ્ય કેસના ચુકાદામાં સાક્ષીઓની વિશ્વસનીયતા, દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન તથા ફરીયાદપક્ષ દ્વારા આરોપોને વાજબી શંકાથી પર સાબિત કરવામાં થયેલ નિષ્ફળતા અંગે જે કારણો દર્શાવવામાં આવ્યા છે, તે તમામ કારણો હાલની પુરવણી ચાર્જશીટમાં પણ સંપૂર્ણપણે સમાન રીતે લાગુ પડે છે. હાલના કેસમાં તે કારણોને બદલવા અથવા જુદા કારણો નોંધવા માટે કોઈ નવી પરિસ્થિતિ કે પુરાવા ઉપલબ્ધ નથી. આથી, મુખ્ય કેસના ચુકાદામાં પુરાવાના મૂલ્યાંકન અંગે નોંધાયેલા કારણો અને તારણોને આ કેસમાં પણ અપનાવવામાં આવે છે અને તે આ ચુકાદાનો અભિન્ન ભાગ ગણવામાં આવે છે. જેથી, ફરીયાદપક્ષ આરોપી વિરુદ્ધનો આરોપ વાજબી શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું આ અદાલતને

માનવાને કારણ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–::આખરી હુકમ::–**

(૧) આ કામના આરોપી પેથાભાઈ કરશનભાઈ રબારી, ઉ.વ.આ.૪૨, ધંધો–નોકરી, રહે.વાલપુર, તા.કાંકરેજ, જી.બનાસકાંઠાનાઓને ક્રી.પો.કોડની કલમ ૨૪૮(૧) મુજબ ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની(સુધારેલ)માં ઉમેરાયેલ કલમ–૪૩૭(એ)ની જોગવાઈ ધ્યાને લેતા આરોપીએ રૂ.૧૦,૦૦૦/–ના જામીન તેમજ તેટલીજ રકમના જાતમુચરકા રજુ કરવા અને રજુ રાખેલ જામીન તથા જામીન ખત આ ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રહેશે અને બાદ આપો આપ રદ્દ થયેલ ગણાવામાં આવશે.

(૩) અપિલ સમય વિત્યે મુદ્દામાલ હથીયરનો નાશ કરવો.

ઠરાવ આજ રોજ તારીખ ૧૭ જુલાઈ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

શિહોરી

(રિતેશ વિનોદકુમાર પટેલ)

તા.૧૭/૦૭/૨૦૨૬

જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, શિહોરી
કોડ નં.જી.જે.૦૧૬૮૬